IJCRT.ORG ISSN : 2320-2882

INTERNATIONAL JOURNAL OF CREATIVE RESEARCH THOUGHTS (IJCRT)

An International Open Access, Peer-reviewed, Refereed Journal

# નવસારી શહેરના શિક્ષકોની મનોવૈજ્ઞાનિક સુખાકારી અને આવેગાત્મક પરિપકવતાનો અભ્યાસ

હેમંત એસ.પટેલ

આસિસ્ટન્ટ પ્રોફેસર

સત્યમ કૉલેજ ઓફ એજ્યુકેશન ભરૂચ

**સારાંશ**

પ્રસ્તુત સંશોધનએ નવસારી શહેરના શિક્ષકોની મનોવૈજ્ઞાનિક સુખાકારી અને આવેગાત્મક પરિપક્વતાના અભ્યાસ અંગે છે. આ સંશોધનનો હેતુ સામાન્ય શાળાના શિક્ષકો અને દિવ્યાંગ શાળાના શિક્ષકોની મનોવૈજ્ઞાનિક સુખાકારી અને આવેગાત્મક પરિપક્વતાના અભ્યાસ સંદર્ભે હતો. પ્રસ્તુત અભ્યાસ સર્વેક્ષણ પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવ્યો છે. આ સંશોધનમાં નવસારી શહેરના સામાન્ય શાળાના ૬૦ શિક્ષકો અને દિવ્યાંગ શાળાના ૬૦ શિક્ષકો આમ કુલ ૧૨૦ શિક્ષકો યાદચ્છિક નમૂના તરીકે પસંદ કર્યા હતા. સંશોધનના ઉપકરણ તરીકે મનોવૈજ્ઞાનિક સુખાકારી માપન તુલા અને આવેગાત્મક પરિપક્વતા માપન તુલાનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. સંશોધનમાં મેળવેલ પ્રાપ્તાંકોની ગણતરી 't' કસોટી દ્વારા કરવામાં આવી હતી. આ સંશોધનમાં તારણ પ્રાપ્ત થાય છે કે સામાન્ય શાળાના શિક્ષકો અને દિવ્યાંગ શાળાના શિક્ષકોમાં મનોવૈજ્ઞાનિક સુખાકારીનું પ્રમાણ સમાન જોવા મળે છે. સામાન્ય શાળાના શિક્ષકો કરતાં દિવ્યાંગ શાળાના શિક્ષકોમાં આવેગાત્મક પરિપક્વતાનું પ્રમાણ ઓછું જોવા મળે છે.

## નવસારી શહેરના શિક્ષકોની મનોવૈજ્ઞાનિક સુખાકારી અને આવેગાત્મક પરિપકવતાનો અભ્યાસ

## પ્રસ્તાવના

કોઈ પણ દેશના વિકાસમાં કુટુંબ પછી શાળાનું સ્થાન ખૂબ જ મહત્વનું છે. કેળવણી સંસ્થાઓના કેન્દ્રસ્થાને શિક્ષકો હોય છે. શિક્ષકોનો મનોવૈજ્ઞાનિક સુખાકારી કે આવેગિક પરિપક્વતાનો ખ્યાલ ખૂબ જ મહત્વનો છે. દુનિયામાં શિક્ષકોની મનોવૈજ્ઞાનિક સુખાકારી અને આવેગાત્મક પરિપક્વતા અંગેના અભ્યાસોમાં ઘણા સંશોધન થયાં છે.

માનસિક સુખાકારીનો વિચાર માનસિક સ્વાસ્થ્ય સાથે સંકળાયેલો છે. મનોવૈજ્ઞાનિક અનુસાર માનવીના માનસિક સ્વાસ્થ્ય અને તેના જીવનની ગુણવતા નક્કી કરવામાં આવેગો ખૂબ મહત્વનો ભાગ ભજવે છે. સારી ગુણવતાવાળું જીવન વ્યક્તિના શારિરીક અને માનસિક સ્વાસ્થ્યનું સ્તર ઊંચું હોવાનું સૂચવે છે. અગાઉના સંશોધન પરથી સાબિત થયું છે કે આવેગાત્મક શિક્ષણ અને માનવીની તંદુરસ્તી વચ્ચે હકારાત્મક સંબંધ છે. પ્રસ્તુત સંશોધનમાં શિક્ષકોની મનોવૈજ્ઞાનિક સુખાકારી અને આવેગાત્મક પરિપક્વતા સંદર્ભે અભ્યાસ કરવાનો છે.

**સમસ્યાકથન**

**નવસારી શહેરના શિક્ષકોની મનોવૈજ્ઞાનિક સુખાકારી અને આવેગાત્મક પરિપકવતાનો અભ્યાસ**

**સંશોધનના હેતુઓ**

- નવસારી શહેરની સામાન્ય શાળાના શિક્ષકો અને દિવ્યાંગ શાળાના શિક્ષકોની મનોવૈજ્ઞાનિક સુખાકારીનો અભ્યાસ કરવો.
- નવસારી શહેરની સામાન્ય શાળાના શિક્ષકો અને દિવ્યાંગ શાળાના શિક્ષકોની આવેગાત્મક પરિપકવતાનો અભ્યાસ કરવો.
- નવસારી શહેરની સામાન્ય શાળાના શિક્ષકો અને દિવ્યાંગ શાળાના શિક્ષકોની જાતિયતાના સંદર્ભમાં મનોવૈજ્ઞાનિક સુખાકારીનો અભ્યાસ કરવો.
- નવસારી શહેરની સામાન્ય શાળાના શિક્ષકો અને દિવ્યાંગ શાળાના શિક્ષકોની જાતિયતાના આવેગાત્મક પરિપકવતાનો અભ્યાસ કરવો.

**સંશોધનની ઉત્કલ્પ્નાઓ**

- નવસારી શહેરની સામાન્ય શાળાના શિક્ષકો અને દિવ્યાંગ શાળાના શિક્ષકોની મનોવૈજ્ઞાનિક સુખાકારીના પ્રાપ્તાંકો વચ્ચે કોઈ સાર્થક તફાવત નથી.
- નવસારી શહેરની સામાન્ય શાળાના શિક્ષકો અને દિવ્યાંગ શાળાના શિક્ષકોની આવેગાત્મક પરિપકવતાના પ્રાપ્તાંકો વચ્ચે કોઈ સાર્થક તફાવત નથી.
- નવસારી શહેરની સામાન્ય શાળાના શિક્ષકો અને દિવ્યાંગ શાળાના શિક્ષકોની જાતિયતાના પ્રાપ્તાંકો વચ્ચે કોઈ સાર્થક તફાવત નથી.
- નવસારી શહેરની સામાન્ય શાળાના શિક્ષકો અને દિવ્યાંગ શાળાના શિક્ષકોની જાતિયતાના પ્રાપ્તાંકો વચ્ચે કોઈ સાર્થક તફાવત નથી.

**નમૂનાની પસંદગી**

પ્રસ્તુત સંશોધનમાં નવસારી શહેરના શિક્ષકોને યાદચ્છિક નમૂના પસંદગી દ્વારા લેવામાં આવ્યા હતા. સામાન્ય શાળાના કુલ ૬૦ શિક્ષકો અને દિવ્યાંગ શાળાના કુલ ૬૦ શિક્ષકો નિદર્શ તરીકે પસંદ કરવામાં આવ્યા હતા.

| જાતિ | શિક્ષકોના પ્રકારો | | કુલ |
|---|---|---|---|
| | સામાન્ય શાળાના શિક્ષકો | દિવ્યાંગ શાળાના શિક્ષકો | |
| **સ્ત્રી** | ૩૦ | ૩૦ | ૬૦ |
| **પુરુષ** | ૩૦ | ૩૦ | ૬૦ |
| **કુલ** | ૬૦ | ૬૦ | ૧૨૦ |

**સ્વતંત્ર પરિવર્ત્ય :** ૧. જાતિ ૨. શિક્ષકોના પ્રકારો

**અવલંબી પરિવર્ત્ય :** ૧. મનોવૈજ્ઞાનિક સુખાકારી ૨. આવેગાત્મક પરિપક્વતા

**સંશોધનના ઉપકરણની પસંદગી :**

૧. એસ.કે શર્મા અને અમિતા શર્મા રચિત મનોવૈજ્ઞાનિક સુખાકારી માપન તુલા

૨. ડૉ. યશવીર સિંઘ અને ડૉ.મહેશ ભાર્ગવ રચિત આવેગાત્મક પરિપક્વતા માપન તુલા

**માહિતીનું એકત્રીકરણ :**

પ્રસ્તુત સંશોધન માટે સૌ પ્રથમ આચાર્યની રૂબરૂ મુલાકાત લઇ તેમની મંજૂરી મેળવી. સામાન્ય શાળાના શિક્ષકો અને દિવ્યાંગ શાળાના શિક્ષકોને સંશોધનનો હેતુ અને મહત્વ સ્પષ્ટ કરી તેમનો વિશ્વાસ પ્રાપ્ત કર્યો. તેમની માહિતી ગોપનીય રેહશે તેની ખાતરી કરી. તેમના પાસે રૂબરૂ પ્રત્યુતરો મેળવ્યા.

**પરિણામ અને અર્થઘટન**

**સારણી : ૧**

**શિક્ષકોની મનોવૈજ્ઞાનિક સુખાકારીના પરિણામો તરીકે મધ્યક, પ્રમાણિત વિચલન અને 't' ગુણોતર અને સાર્થકતા દર્શાવતુ કોષ્ટક**

| Group | N | Mean | SD | T | Table value | Level of signi. |
|---|---|---|---|---|---|---|
| સામાન્ય શાળાના શિક્ષકો | ૬૦ | ૧૨.૪૧ | ૩.૬૯ | ૧.૪૩ | ૧.૯૮ | NS ૦.૦૫ |
| દિવ્યાંગ શાળાના શિક્ષકો | ૬૦ | ૧૩.૩૩ | ૩.૩૧ | | | |
| પુરુષ શિક્ષકો | ૬૦ | ૧૩.૨૫ | ૩.૩૪ | ૨.૨૫ | ૧.૯૮ | S ૦.૦૫ |
| સ્ત્રી શિક્ષકો | ૬૦ | ૧૨.૪૧ | ૩.૭૬ | | | |
| સામાન્ય શાળાના પુરૂષ શિક્ષકો | ૩૦ | ૧૨.૮૭ | ૩.૭૦ | ૦.૯૩ | ૨.૦૦ | NS ૦.૦૫ |
| દિવ્યાંગ શાળાના સ્ત્રી  શિક્ષકો | ૩૦ | ૧૧.૯૭ | ૩.૮૫ | | | |
| દિવ્યાંગ શાળાના પુરૂષ શિક્ષકો | ૩૦ | ૧૩.૮૩ | ૨.૮૯ | ૧.૧૮ | ૨.૦૦ | NS ૦.૦૫ |
| દિવ્યાંગ શાળાના સ્ત્રી શિક્ષકો | ૩૦ | ૧૨.૮૩ | ૩.૫૮ | | | |
| સામાન્ય શાળાના પુરૂષ શિક્ષકો | ૩૦ | ૧૨.૮૭ | ૩.૭૦ | ૧.૧૧ | ૨.૦૦ | NS ૦.૦૫ |
| દિવ્યાંગ શાળાના પુરૂષ શિક્ષકો | ૩૦ | ૧૩.૮૩ | ૨.૮૯ | | | |
| સામાન્ય શાળાના સ્ત્રી શિક્ષકો | ૩૦ | ૧૧.૯૭ | ૩.૮૫ | ૦.૮૯ | ૨.૦૦ | NS ૦.૦૫ |
| દિવ્યાંગ શાળાના સ્ત્રી શિક્ષકો | ૩૦ | ૧૨.૮૩ | ૩.૫૮ | | | |

**સારણી : ૨**

**શિક્ષકોની આવેગાત્મક પરિપક્વતાના પરિણામો તરીકે મધ્યક, પ્રમાણિત વિચલન અને 't' ગુણોતર અને સાર્થકતા દર્શાવતુ કોષ્ટક**

| Group | N | Mean | SD | T | Table value | Level of signi. |
|---|---|---|---|---|---|---|
| સામાન્ય શાળાના શિક્ષકો | ૬૦ | ૭૬.૭૩ | ૧૧.૬૯ | ૧.૧૩ | ૧.૯૮ | NS ૦.૦૫ |
| દિવ્યાંગ શાળાના શિક્ષકો | ૬૦ | ૭૩.૯૭ | ૧૪.૭૦ | | | |
| પુરુષ શિક્ષકો | ૬૦ | ૭૬.૪૧ | ૧૩.૮૦ | ૦.૮૬ | ૧.૯૮ | NS ૦.૦૫ |
| સ્ત્રી શિક્ષકો | ૬૦ | ૭૪.૨૮ | ૧૩.૨૮ | | | |
| સામાન્ય શાળાના પુરૂષ શિક્ષકો | ૩૦ | ૭૬.૯ | ૧૧.૧૯ | ૦.૧૦ | ૨.૦૦ | NS ૦.૦૫ |
| દિવ્યાંગ શાળાના સ્ત્રી  શિક્ષકો | ૩૦ | ૭૬.૫૭ | ૧૨.૮૩ | | | |
| દિવ્યાંગ શાળાના પુરૂષ શિક્ષકો | ૩૦ | ૭૫.૯૩ | ૧૫.૭૧ | ૧.૦૪ | ૨.૦૦ | NS ૦.૦૫ |
| દિવ્યાંગ શાળાના સ્ત્રી શિક્ષકો | ૩૦ | ૭૨ | ૧૩.૪૫ | | | |
| સામાન્ય શાળાના પુરૂષ શિક્ષકો | ૩૦ | ૭૬.૯ | ૧૧.૧૯ | ૦.૨૭ | ૨.૦૦ | NS ૦.૦૫ |
| દિવ્યાંગ શાળાના પુરૂષ શિક્ષકો | ૩૦ | ૭૫.૯૩ | ૧૫.૭૧ | | | |
| સામાન્ય શાળાના સ્ત્રી શિક્ષકો | ૩૦ | ૭૬.૫૭ | ૧૨.૮૩ | ૧.૩૪ | ૨.૦૦ | NS |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| દિવ્યાંગ શાળાના સ્ત્રી શિક્ષકો | ૩૦ | ૭૨ | ૧૩.૪૫ | | | ૦.૦૫ |

**તારણો :**

સામાન્ય શાળાના શિક્ષકો અને દિવ્યાંગ શાળાના શિક્ષકોમાં મનોવૈજ્ઞાનિક સુખાકારીનું પ્રમાણ સમાન જોવા મળે છે. શિક્ષકોના શાળાકીય ભાવવરણ અને સમાન રીતે જરૂરિયાતો સંતોષાય છે.

સ્ત્રી શિક્ષકોના મનોવૈજ્ઞાનિક સુખાકારીનું પ્રમાણ પુરૂષ શિક્ષકો કરતાં ઓછું જોવા મળ્યું જેનું કારણ સ્ત્રી શિક્ષકાની ત્રિવિધ ભૂમિકા અને કાર્ય બોજ જવાબદાર છે.

સામાન્ય શાળાના શિક્ષકો કરતાં દિવ્યાંગ શાળાના શિક્ષકોમાં આવેગાત્મક પરિપક્વતાનું પ્રમાણ ઓછું જોવા મળે છે.

સ્ત્રી શિક્ષકોના આવેગાત્મક પરિપક્વતાનું પ્રમાણ પુરૂષ શિક્ષકો કરતાં ઓછું જોવા મળ્યું

## સંદર્ભ સૂચિ


- શાહ ડી.બી. (૨૦૦૪).**શૈક્ષણિક સંશોધન.**અમદાવાદ: યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, ગુજરાત રાજય.
- ઉચાટ, ડી.એ. (૨૦૧૨)**શિક્ષણ અને સામાજિક વિજ્ઞાનોમાં સંશોધનનું પદ્ધતિશાસ્ત્ર.** (બીજી આવૃત્તિ) રાજકોટ: પારસ પ્રકાશન, ગુજરાત રાજય.
- Arun joseph (2010) Meaning and definition of emotional Maturity of working women and non - working women.
- Singh, Y and Bhargava, M Manual for Emotional Maturity Scale (Ems), National Psychological Corporation, Agra, 1990.
- Walter, D. and Simon W.s (1974) Definition of Emotional Maturity. MH. Winter.58:9-11.
- Bhupinder Singh and Rakhi Udalniya(2009) 'Journal of the Indian Academy of applied psychology', july2009,Vol-35,No-2,227-232
- http://shodhganga,inflibnet.ac.in